જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૭/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૨૯/૧૭

ક્રાઇમબ્રાન્ચ :

**નવનીત પ્રેસના માલિક નવીનભાઈ શાહના ગુમ થવા પાછળ તેઓનું અપહરણ વીથ ખૂન થયેલ હોવાનું શોધી કાઢી ગેંગના બે સાગરીતોની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ**

..............................................................................................................................................

તાજેતરમાં નવનીત પ્રેસના માલિક નવીનભાઈ નાગજીભાઈ શાહ નાઓનું તારીખ ૨૫/૭/૧૭ ના રોજ વૈષ્ણવ દેવી સર્કલ અડાલજ પાસેથી ગુમ થયેલ હોવાનો બનાવ અડાલજ પોલીસ સ્ટેશન ખાતે સ્ટેશન ડાયરી એ.નં.૩૫/૧૭ થી નોંધાયેલ હોયઅને ગુમ થનાર નવનીત પ્રેસના માલિક નવીનભાઈ શાહની ભાળ મળેલ ન હોય જેથી આ બનાવ સંદર્ભે ક્રાઈમ બ્રાન્ચના સંયુકત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ નાઓએ નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઈમ બ્રાન્ચ નાઓને નવનીત પ્રેસના માલિક નવીનભાઈ શાહના ગુમ થવા બાબતે જરૂરી તપાસ કરવા અને ગુમ થનાર નવનીત પ્રેસના માલિક નવીનભાઈ શાહ નાઓને તાત્કાલીક અસરથી શોધી કાઢવા સુચના આપેલ.

જે આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન, ક્રાઈમ બ્રાન્ચ નાઓની સીધી દેખરેખ હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાજદીપસિંહ ઝાલા, ક્રાઈમ બ્રાન્ચ નાઓના સુપરવિઝન હેઠળ પોલીસ ઈન્સ્પેકટર શ્રી એસએલ.ચૌધરી તથા પોલીસ ઈન્સ્પેકટર શ્રી કે.જી.ચૌધરી તથા પોલીસ ઈન્સ્પેકટર શ્રી આર.એસ.સુવેરા તથા પોલીસ ઈન્સ્પેકટર શ્રી એસ.આર.ટંડેલ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી જે.એમ.પટેલ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી એ.એસ.ચાવડા તથા પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી સી.બી.ચૌધરી તથા પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી જે.એન.ગોસ્વામી તથા પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી એ.પી.ચૌધરી તથા પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી આઈ.એ.ઘાસુરા તથા સ્ટાફના માણસો નાઓની અલગ અલગ ટીમ બનાવી આ બનાવ સંદર્ભે તપાસ હાથ ધરવામાં આવેલ.

ઉપરોકત ટીમના અધિકારી શ્રીઓ તથા સ્ટાફના માણસોએ ગુમ થનાર નવનીત પ્રેસના માલિક નવીનભાઈ શાહના મોબાઈલ નંબરનું ગાંધીનગર પોલીસની સાથે રહી સંકલન કરી ટેકનીકલ એનાલીર્સીસ મળેલ નંબર આધારે તેનું સીમકાર્ડનું વેચાણથી લઈ ઉપયોગ સુધીની હકીકતો મેળવતા સદર સીમકાર્ડ શૈલેષ પ્રભુદાસ પટેલ રહે. ગામ બાકરપુર તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા નાઓએ ઉપયોગ કરેલ હોવાનું જણાઈ આવેલ અને તેનો ખાસ મિત્ર રમેશભાઈ મથુરભાઈ પટેલ રહે. ગામ પોગલું તા.પ્રાંતિજ જી. સાબરકાંઠાનો આ બનાવવામાં સંડોવાયેલ હોવાની માહિતી મળતા. જે આધારે રમેશભાઈ મથુરભાઈ પટેલ તથા જીગ્નેશ ઉર્ફે જીગો કિશનભાઈ ભાવસાર રહે. ડી/૧૫,દેવનંદન ફલેટ, ચાણકયપુરી ઘાટલોડીયા, અમદાવાદ નાઓને શોધી કાઢી તેઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરી ખાતે લાવી પુછપરછ કરતા જણાવેલ કે, પોતે બંને તથા શૈલેષ પ્રભુદાસ પટેલ તથા બીજા ત્રણ માણસો જેઓના નામઠામ જાણતા નથી તેઓએ અપહરણ કરી મોટી રકમ પડાવવા સારૂ કાવતરૂ રચી અગાઉ નવનીત પ્રેસમાં કામ કરી ચુકેલ જીગ્નેશ ઉર્ફે જીગો કિશનભાઈ ભાવસાર નાઓની ટીપ આધારે નવનીત પ્રેસના માલિક નવીનભાઈ શાહ નાઓનું અપહરણ કરવાનું નક્કી કરી તેઓના પ્રેસમાં ચાલતા યુનિયન બાબતે સમાધાન કરવાના બહાના હેઠળ ફોન કરી મીટીંગ કરવાનું નક્કી કરી તારીખ ૨૫/૭/૨૦૧૭ ના નવીનભાઈ શાહને વૈષ્ણવ દેવી સર્કલ મીટીંગ કરવા સવારના અગીયાર બાર વાગે બોલાવી વૈષ્ણવ દેવી સર્કલ નવીનભાઈ શાહ તેમની કાર લઈ આવતા ઉપરોકત ડમી નંબરથી નવીનભાઈ શાહના મોબાઈલ નંબર ઉપર કોલ કરી કાવતરાખોર લઈ આવેલ સફારી કારમાં બેસી જવા જણાવી તે કારમાં નવીનભાઈ શાહ બેસતા તેઓનું અપહરણ કરી પ્રાંતિજ તરફ લઈ જવા નિકળેલ તે સમયે નવીનભાઈ શાહને પોતાનું અપહરણ થયેલાની ગંધ આવી જતા તેઓએ તેઓએ પ્રતિકાર કરતા ઝપાઝપી થયેલ જે દરમિયાન તેઓ મરણ જતા માલપુર થી મેઘરજ જતા રોડ ઉપર રોડની બાજુમાં નવીનભાઈ શાહની લાશ ફેકી દીધેલ હોવાની કબૂલાત કરતા હોય જેથી જીગ્નેશ ઉર્ફે જીગો કિશનભાઈ ભાવસાર પાસેથી મળી આવેલ (૧) આઈ ફોન મોબાઈલ ફોન જેની કિં.રૂ.૫૦૦૦/- ગણાય તથા રમેશભાઈ મથુરભાઈ પટેલ પાસેથી એક સફેદ કલરનો સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન જેની કિં.રૂ.૫૦૦/- ગણાય. તથા ઈન્ટેક્ષ કંપનીનો વાદળી કલરનો મોબાઈલ ફોન જેની કિં.રૂ.૫૦૦/- ગણાય. જે મળી આવતા કબજે કરેલ છે.

આ બનાવ સંદર્ભે મુખ્ય સુત્રધાર તરીકે શૈલેષ પ્રભુદાસ પટેલ રહે. ગામ બાકરપુર તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા નાઓ હોવાનું અને તેના ઈશારે ડમી સીમકાર્ડ ખરીદી તે આધારે નવીનભાઈ શાહને ફોન કરેલ હોવાનું અને આ ફોન કરવા માટે અન્ય ઈસમનો ઉપયોગ કરેલ હોવાનું જાણવા મળેલ છે.

આ બનાવ સંદર્ભે ટીપ આપનાર તરીકે જીગ્નેશ ઉર્ફે જીગો કિશનભાઈ ભાવસાર રહે. ડી/૧૫, દેવનંદન ફલેટ, ચાણકયપુરી ઘાટલોડીયા, અમદાવાદ તથા ગામ બાકરપુર તા.પ્રાંતિજ જી.સાબરકાંઠાનો છે જે અગાઉ તેના બનેવી રાજુ ભાવસાર સાથે નવનીત પ્રેસમાં કોન્ટ્રાકટ ધરાવતો હતો અને ચારેક વર્ષ પહેલા અન્ય કોન્ટ્રાકટ અમરત ભરવાડ સાથે ઝઘડો થતા પ્રેસના માલિક નવીનભાઈ શાહ નાઓએ જીગ્નેશ ભાવસારનો કોન્ટ્રાકટ રદ કરી લીધેલ જેના કારણે મનદુ:ખ હોય તેમજ જીગ્નેશ ભાવસાર નાએ બારેક વર્ષ સુધી નવનીતપ્રેસમાં કામ કરેલ હોય જેથી નવનીત પ્રેસના માલિક ક્યું વાહન વાપરે છે તેમ તેઓનો પ્રેસ ઉપર જવાનો સમય તેમજ પ્રેસમાં ચાલતા કામદાર યુનિયન બાબતેના ઝઘડા સંબંધે માહિતી જાણતો હોય જેથી યુનિયન બાબતેના ઝઘડા સંબંધે સમાધાન કરાવી આપવાના બહાના હેઠળ તેઓને ફોન ઉપર જાણ કરી મીટીંગનું આયોજન કરી અપહરણ કરવામાં આવેલ અને અપહરણ કર્યા બાદ નવીનભાઈ શાહે પ્રતિકાર કરતા તેનું ખૂન કરેલાનું જણાવેલ છે

આ કામના ભોગ બનનાર નવીનભાઈ શાહ પોતાના ઘર તરફથી પ્રેસ તરફ જવા નિકળેલ તે સમયે જીગ્નેશ ભાવસાર નાએ નિરમા યુનિવર્સિટી સામે હાજર રહી તેઓની કારની વોચ કરેલાનું અને કાર પસાર થતા મુખ્ય સુત્રધાર શૈલેષ પ્રભુદાસ પટેલને જાણ કરેલ હોવાનું અને આ અપરહરણ કરવા માટે સફારી કારનો ઉપયોગ કરેલ હોવાનું અને તે જ કારમાં જ અપહરણકારોએ નવીનભાઈ શાહનું ખૂન કરી નાંખેલ

આ કામે પકડાયેલ બંને આરોપીઓને અડાલજ પોલીસ સ્ટેશન સોંપવા જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.